RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 186* Date: 04.05.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઈદ પર અનેક સ્થળોએ હોબાળો

# જોધપુરમાં ૧૨ કલાકમાં ૩ વખત હિંસા બાદ ૧૦ વિસ્તારોમાં કર્ફ્યૂ

જોધપુર,તા.૩

રાજસ્થાનના જોધપુરમાં ઈદ પર હિંસા બાદ તણાવભર્યું વાતાવરણ છે. તંત્રએ બુધવાર સુધી જોધપુરના ૧૦ વિસ્તારમાં કર્ફ્યૂ લગાવી દીધો છે. આ તરફ લોકોએ સુરસાગર વિસ્તારમાં ધારાસભ્યના ઘરની બહાર આગ લગાવી હતી. બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ ઘટના અંગે રિપોર્ટ માગ્યો છે. રાજસ્થાનના જોધપુરમાં સોમવારે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે ઝંડા અને લાઉડસ્પીકર લગાવવાને લઈને બે સમુદાય સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને પક્ષે અહીં જાલોરી ગેટ ચોકડી પર મોડી રાત્રે પથ્થરમારો કર્યો હતો. જ્યારે પોલીસે ઘટનાસ્થળે પહોંચી ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો, ત્યારે એક સમુદાયે પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો, જેમાં ૪ પોલીસકર્મી ઘાયલ થયા છે.

જોધપુરના ઘણા વિસ્તારોમાં પથ્થરમારો અને આગની ઘટનાઓ પણ બની છે. પથ્થરમારામાં આજે વધુ એક પોલીસકર્મી ઘાયલ થયો છે, જ્યારે ગત રાત્રે ૪ પોલીસકર્મી ઘાયલ થયા હતા. આ કેસમાં ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શહેરના ૧. ઉદય મંદિર, ૨. નાગોરી ગેટ, ૩. સદર કોતવાલી, ૪. સદર બજાર, ૫. સુરસાગર, ૬. સરદારપુરા, ૭. ખાંડાફલસા, ૮. પ્રતાપનગર, ૯. દેવનગર અને ૧૦. પ્રતાપનગર સદરમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે



અનંતનાગમાં મસ્જિદની બહાર પણ પથ્થરમારો થયો હતો. ઈદની નમાજ બાદ પ્રદર્શનકારીઓએ સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો. મધ્યપ્રદેશના ખરગોનમાં રમખાણનાં ૨૨ દિવસ બાદ કર્ફ્યૂ વચ્ચે જ તહેવારોની ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં લગભગ ૧૩૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે.જોધપુરમાં સોમવારે રાત્રે બે જૂથ સામસામે આવી ગયાં હતાં. આ દરમિયાન મોડી રાત્રે જાલોરી ગેટ ચોકડી પર બંને તરફથી ભારે પથ્થરમારો થયો હતો. પોલીસ અને આરએસીએ ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. ત્યાર બાદ બંને પક્ષના લોકોને સમજાવ્યા બાદ મામલો થાળે પડ્યો હતો. જોકે મોડી રાત્રે એક જૂથના લોકો પરત ફરતાં મામલો ફરી ગરમાયો હતો. જાલોરી ગેટ અને ઈદગાહ વિસ્તારમાં મોડી રાત સુધી ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આજે સવારે પથ્થરમારાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, અહીં ઈદની નમાજ પછી એક મસ્જિદ બહાર પથ્થરમારો થયો હતો. દેખાવકારોએ સુરક્ષાદળો પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે હાલ પરિસ્થિતિ કાબૂમાં છે. મધ્યપ્રદેશના ખરગોનમાં રમખાણોના ૨૨ દિવસ બાદ કર્ફ્યૂની વચ્ચે તહેવારોની ઉજવણી કરવામાં આવી રહી છે. પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓએ નિર્ણય લીધો છે કે આજે કર્ફ્યૂને હળવો કરવામાં આવશે નહીં. ઈદની નમાજ ઘરે જ થશે. અક્ષય તૃતીયા પર શહેરમાં ક્યાંય પણ જાહેર લગ્ન થશે નહીં તેમજ પરશુરામ જયંતીની શોભાયાત્રા પણ નીકળશે નહીં.જોધપુર શહેરમાં મોડી રાત્રે પથ્થરમારાની ઘટના બાદ રાત્રે ૨ વાગ્યે જિલ્લા કલેક્ટર હિમાંશુ ગુપ્તાએ શહેરમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવાનો આદેશ જારી કર્યો હતો. મંગળવારે અનિશ્ચિત સમય માટે ઈન્ટરનેટ સેવા બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે જ સંવેદનશીલ વિસ્તારોમાં અને ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ખરેખરમાં કેટલાક લોકો જાલોરી ગેટ ચારરસ્તા પર ઝંડા અને લાઉડસ્પીકર લગાવી રહ્યા હતા. આ દરમિયાન વીડિયો બનાવી રહેલી એક વ્યક્તિને કેટલાક યુવકોએ માર માર્યો હતો. કેટલાક લોકો તેને બચાવવા માટે આવ્યા તો તેમને પણ માર મારવામાં આવ્યો હતો. આ પછી બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો.

બંને પક્ષો વચ્ચે લાંબા સમય સુધી પથ્થરમારો અને હોબાળો ચાલુ રહ્યો હતો. આમાં એક મીડિયા પર્સન સહિત કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. જાલોરી ગેટ ચોકી પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસે એક સમયે ૧૨:૩૦ થી ૧ વાગે તેમને ધકેલીને સમજાવીને મામલો શાંત પાડ્યો હતો. પોલીસે સમગ્ર ચોકડી પર બેરિકેડ લગાવી દીધા હતા.

આ દરમિયાન એક જુથના લોકો જાલોરી ગેટ પાસે ભેગા થયા હતા, જ્યારે બીજુ જુથ ઓક્સફર્ડ સ્કૂલ પાસેના તેના વિસ્તારમાં ગયા હતા. થોડીવાર પછી બે નેતાઓ જાલોરી ગેટ પર આવ્યા અને પોલીસ સાથે વાત કરી, પછી ચાલ્યા ગયા હતા. આના થોડા સમય પછી, ૧:૧૫ થી ૧:૩૦ વાગ્યે ઓક્સફર્ડ સ્કૂલના રસ્તા પરથી એક ટોળું આવ્યું અને ભારે પથ્થરમારો કર્યો હતો. આ જોઈ જાલોરી ગેટની બાજુમાંથી સામા પક્ષે પણ જવાબી પથ્થરમારો કર્યો હતો. સ્થિતિ વણસતી જોઈને પોલીસે ઓક્સફર્ડ સ્કૂલ તરફ ટીયર ગેસના સેલ છોડ્યા હતા.ઘટના બાદ સીએમ અશોક ગેહલોતે ટ્વીટ કર્યું હતું કે ×જોધપુરના જાલોરી ગેટ પર બે જૂથ વચ્ચે અથડામણને કારણે તણાવ સર્જાવો દુર્ભાગ્ય છે. વહીવટીતંત્રને શાંતિ અને વ્યવસ્થા જાળવી રાખવા સૂચના આપવામાં આવી છે. જોધપુર, મારવાડની પ્રેમ અને ભાઈચારાની પરંપરાને માન આપીને હું તમામ પક્ષોને શાંતિ જાળવી રાખવાની હૃદયસ્પર્શી અપીલ કરું છું. લોકોએ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદ કરવી.

## રાહુલ ગાંધી નેપાળના પબમાં જોવા મળ્યા,ભાજપે ગંભીર આરોપ લગાવ્યો

નવીદિલ્હી,તા.૩

રાહુલ ગાંધીનો એક નહીં પણ બે વીડિયો વાયરલ થઈ રહ્યા છે. નેપાળના કાઠમંડુમાં રહેતા ભૂપેન કુંવરે ૨-૩ મે ૨૦૨૨ની રાત્રે આ બંને વીડિયો ફેસબુક પર પોસ્ટ કર્યા હતા. એક વીડિયોમાં રાહુલ ગાંધી દારૂની બોટલો સામે ફોન તરફ જોતા જોવા મળે છે. બીજા વીડિયોમાં તે એક છોકરી સાથે ઊભા જોવા મળે છે અને તેની સાથે વાતચીત કરી રહ્યા છે. ભૂપેન કુંવરના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીના આ બંને વીડિયો કાઠમંડુના એલઓડી નામના પબના છે જેનો અર્થ થાય છે લોર્ડ ઓફ ધ ડ્રિંક્સ. તેમના ફેસબુક પેજ પર લખ્યું છે – નેપાળમાં સૌથી મોટી અને શ્રેષ્ઠ નાઈટ ક્લબ – જેનો અર્થ નેપાળની સૌથી મોટી અને શ્રેષ્ઠ નાઈટ ક્લબ છે.સોશિયલ મીડિયા પર આ બંને વીડિયોને લઈને ઘણા લોકો અનુમાન લગાવી રહ્યા છે. કેટલાક રાહુલ ગાંધીની જૂની તસવીર લઈને તેમની બાજુમાં બેઠેલી છોકરીની સરખામણી કાઠમંડુના લોર્ડ ઑફ ધ ડ્રિંક્સની છોકરી સાથે કરી રહ્યા છે.


બીજી તરફ બીજેપીના અન્ય નેતા કપિલ મિશ્રાએ ટ્વીટ કરીને કહ્યું કે, આ રાહુલ ગાંધીના અંગત જીવનનો મામલો નથી. તેમણે પૂછ્યું રાહુલ ગાંધી કોની સાથે છે? શું ચીનમાં એજન્ટો છે? શું રાહુલ ગાંધી સેના વિરૂદ્ધ ટ્વિટ કરે છે તે ચીનના દબાણમાં છે? પ્રશ્નો પૂછવામાં આવશે? સવાલ રાહુલ ગાંધીનો નથી દેશનો છે.ભાજપના સોશિયલ મીડિયા પ્રભારી અમિત માલવિયાએ ટ્વીટ કર્યું કે, જ્યારે મુંબઈમાં હુમલો થયો ત્યારે રાહુલ ગાંધી નાઈટ ક્લબમાં જ હતા. હવે જ્યારે તેની પાર્ટી મુશ્કેલીમાં છે, તે હજુ પણ નાઈટ ક્લબમાં છે. તેમનામાં સાતત્ય છે.

જોકે આ વીડિયો વિશે ઘણાં કલાકો સુધી કોંગ્રેસ અથવા રાહુલ ગાંધીનું કોઈ રિએક્શન આવ્યું નહતું. અંતે પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે, રાહુલ ગાંધી મિત્ર દેશ નેપાળમાં એક મિત્રના મેરેજમાં ગયા છે. તે એક જર્નાલિસ્ટ છે. મિત્રો-પરિવારનું હોવું અને લગ્નોમાં હાજરી આપવી આપણી સંસ્કૃતિનો એક ભાગ છે. લગ્નમાં જવું હવે આ દેશમાં ક્રાઈમ ના ગણી શકાય. શક્ય છે કે, હવે બીજેપી એવું પણ નક્કી કરે કે, લગ્નમાં જવું ગેરકાયદે છે અને મિત્રો બનાવવા ગુનો છે.

## યુક્રેનમાં યુદ્ધ તુરંત રોકાય, વાતચીત અને રાજનીતિ દ્વારા બંન્ને દેશો સમસ્યાનું સમાધાન લાવે : વડાપ્રધાન મોદી

કોપનહેગન,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની યુરોપ યાત્રાના બીજા દિવસે આજે ડેનમાર્ક પહોંચ્યા છે. કોપેનહેગન એરપોર્ટ પર ँस મેટે ફ્રેડરિકસન સાથે ગ્રીન સ્ટ્રેટજિક પાર્ટનરશિપ અને દ્વીપક્ષીય સંબંધ જેવા મુદ્દા પર ડેલિગેશન લેવલની મીટિંગ કરી છે. આ બેઠકમાં બંને દેશોએ ગ્રીન સ્ટ્રેટજિક પાર્ટનરશિપમાં થયેલા વિકાસનો રિવ્યુ આપ્યો હતો. બંને નેતાઓએ સ્કિલ ડેવલપમેન્ટ, ક્લાઈમેટ, રિન્યુએબલ એનર્જી, આર્કટિક, પીટુપી સંબંધ જેવા મુદ્દાઓ પર વાતચીત કરી હતી. ત્યારપછી જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદીએ રશિયા-યુક્રેન યુદ્ધ રોકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, ડેનિશ પીએમની સાથે બેઠકમાં તેમણે આ યુદ્ધ મુદ્દે પણ ચર્ચા કરી



હતી અને બંને દેશોનું એવું જ માનવું છે કે, રશિયા અને યુક્રેને વાતચીત અને રાજનીતિ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની યુરોપ યાત્રાના બીજા દિવસે ડેનમાર્ક પહોંચ્યા છે . જતા પહેલા તેઓ ભારતીય સમુદાયને મળ્યા હતા. પીએમ મોદીએ લોકોને ન માત્ર ઓટોગ્રાફ આપ્યા, પરંતુ હાથ જોડીને તેમનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. જતાં જતાં લોકોએ તેમને કહ્યું- વી લવ યુ સર. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના યુરોપ પ્રવાસના બીજા દિવસે એટલે કે આજે ડેનમાર્કની મુલાકાત લેશે. અહીં ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં વડાપ્રધાન મેટે ફ્રેડરિકસનની સાથે મુલાકાત કરશે. ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અને દ્વિપક્ષીય સંબંધો આ બેઠકના મુખ્ય મુદ્દાઓ હશે. આ સાથે ભારત-ડેનમાર્ક રાઉન્ડ ટેબલ બેઠકમાં ભાગ લેશે અને ડેનમાર્કમાં ભારતીય સમુદાયને પણ સંબોધન કરશે. વડાપ્રધાન કાર્યાલયે એક અખબારી યાદી બહાર પાડીને ડેનમાર્કની મુલાકાત અંગે વિસ્તૃત માહિતી આપી છે. વડાપ્રધાન મેટે ફ્રેડરિકસન સાથે મુલાકાત સિવાય પીએમ મોદી બીજી ઈન્ડો-નોર્ડિક સમિટમાં પણ ભાગ લેશે. ડેનમાર્ક ઉપરાંત આ સમિટમાં ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડન સામેલ થશે. ઈન્ડો-નોર્ડિક સમિટમાં આર્થિક સુધારા, ક્લાઈમેટ ચેન્જ, ઈનોવેશન, ટેક્નોલોજી, રિન્યુએબલ એનર્જી અને આર્કટિક ક્ષેત્રમાં ભારત-નોર્ડિક સહકાર જેવા વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સિવાય પીએમ મોદી ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના સ્ટેટ હેડ્સને પણ મળશે.

નોર્ડિક દેશો ભારત માટે સસ્ટેનેબિલિટી, રિન્યુએબલ એનર્જી, ડિજિટાઇઝેશન અને ઈનોવેશનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે. ँस મોદી ૩ અને ૪ મેના રોજ ડેનમાર્કની મુલાકાત બાદ પરત ફરતી વખતે તેઓ ફ્રાન્સ પણ જશે. અહીં તેઓ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને પેરિસમાં ફરીથી વિજય બદલ અભિનંદન આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી હતી. આ પછી બંને નેતા પ્રતિનિધિમંડળ સ્તરની બેઠકમાં સામેલ થયા હતા. આમાં ભારત અને જર્મની વચ્ચે ગ્રીન ઊર્જા પર એક મહત્ત્વપૂર્ણ કરાર થયા હતા. મોદીએ કહ્યું હતું- ભારત અને જર્મની સાથે મળીને ગ્રીન હાઈડ્રોજન ટાસ્કફોર્સની રચના કરશે.

## મોદીની ફ્રાંસ મુલાકાતના એક દિવસ પહેલા જ ઝટકોઃ સબમરીન પ્રોજેક્ટમાં ફ્રાંસ નહિ જોડાય

પેરિસ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્રમોદીની ફ્રાંસની મુલાકાતના એક જ દિવસ અગાઉ ભારતને ફ્રાંસની સરકારે એક મોટો ઝટકો આપ્યો છે.. ભારતસરકારે ફ્રાંસના સહયોગથી છ સબમરીનને સ્થાનિક રીતે બનાવવા માટે કરાર કર્યો હતો. ફ્રાંસના નેવલ ગ્રુપે આ યોજનામાં જોડવા માટે આજે પોતે અસમર્થ હોવાની જાહેરાત કરી છે.

ફ્રાંસના નેવલ ગ્રુપે જણાવ્યું હતું કે આ પ્રસ્તાવની જે શરતો મોકલવામાં આવી છે તેમાં જોડવા માટે ફ્રાંસ અસમર્થ છે. આ જાહેરાત નરેન્દ્ર મોદી અને ફ્રાંસના રાષ્ટ્રપતિ એમન્યુએલ માર્કોન વચ્ચે સીધી મંત્રણાના એક દિવસ પહેલા જ આ જાહેરાત સામે આવી છે.

ભારત સરકારે એર ઈન્ડીપેંડન્ટ પરોપલશનની સગવડ ધરાવતી છ સબમરીન માટે પી૭૫૧ નામનો આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. એઆઈપીધરાવતી સબમરીન લાંબો સમય સુધી, વધારે ઝડપથી તરી પણ શકે છે અને વધારે સમય સુધી દરિયાઈ સપાટીથી નીચે રહી શકે છે. ભારત સરકારે ગત જૂનમાંઆ પ્રોજેક્ટને મંજુરી આપી હતી અને આ સબમરીન ભારતના લાર્સન એન્ડ ટુબ્રો અને કેન્દ્ર સરકારની માલિકીના મઝગાવ ડોક ખાતે બનવાની હતી. આ ભારતીય કંપનીઓના પાંચ જેટલી વિદેશી કંપનીઓ સાથે ભાગીદારીકરવાની પ્રક્રિયા પણ પૂર્ણ કરી લીધી છે ત્યારે રૂ.૪૩,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટ માટે હવે ભારત સરકારે ફરીથી ટેકનોલોજી શોધવાની શરૂઆત કરવી પડશે. નેવલ ગ્રુપના ભારત ખાતેના મેનેજીંગ ડીરેક્ટરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કેટલીક શરતોના કારણે આ પ્રોજેક્ટ માટે અમે બીડ મોકલી શક્યા નથી. આ દરખાસ્ત અનુસાર ભારત સરકારે ફ્યુલ સેલ એઆઈપીની જરૂરીયાત હોવાની જાણ કરી છે. આ અમારા માટે શક્ય નથી કારણ કે ફ્રાંસની નૌસેના પણ તેનો ઉપયોગ કરતી નથી એટલે અમારા માટે આ પ્રોજેક્ટમાં જોડાવું શક્ય નથી.

## દેશવાસીઓને વડાપ્રધાન મોદી સહિત અન્ય મોટા નેતાઓએ ઈદની શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,તા.૩

આજે ઈદનો તહેવાર સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવાયો હતો આ ખાસ અવસર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને અન્ય ઘણા મોટા નેતાઓએ પણ લોકોને ઈદની શુભેચ્છા પાઠવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટર પર દેશવાસીઓને સંદેશ આપ્યો કે, ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભકામનાઓ. આ શુભ અવસર આપણા સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવના વધારે. તમે બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ સાથે આશીર્વાદ આપો.

લોકોને શુભેચ્છા પાઠવતા દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ લખ્યું છે કે, ઈદ-ઉલ-ફિત્રના ખાસ અવસર પર તમને શુભકામનાઓ. આ તહેવાર ચારે બાજુ સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે તેવી પ્રાર્થના. હેપી ઈદ!

વિદેશ મંત્રી ડો. એસ જયશંકરે ટ્વીટ કરી કહ્યુ કે, દેશવાસીઓને ઈદની શુભેચ્છા. હું પ્રાર્થના કરુ છું કે આ તહેવાર દેશવાસીઓમાં કરૂણા અને માનવતાની ભાવનાને આગળ વધારશે. આ સાથે રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે દેશવાસીઓને ઈદની શુભેચ્છા આપી છે.

## જર્મનીમાં મોદીના પ્રવાસ દરમિયાન ભગવો ધ્વજ ફરકાવ્યો, કોંગ્રેસે પૂછ્યું- તિરંગો ક્યાં છે?

નવીદિલ્હી,તા.૩

પીએમ નરેન્દ્ર મોદીની ઓફિસના ટ્વિટર એકાઉન્ટ પરથી એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોને લઈને વિપક્ષના તમામ નેતાઓ સવાલો ઉઠાવી રહ્યા છે. તે જ સમયે, ભાજપના નેતાઓ તેની તરફેણમાં દેખાયા. આને લઈને ટ્વિટર પર રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. પીએમઓ દ્વારા આ વીડિયો એવા સમયે શેર કરવામાં આવ્યો છે જ્યારે પીએમ મોદી ત્રણ દિવસીય યુરોપ (૨ મેથી ૪ મે)ના પ્રવાસે છે.

હકીકતમાં, સોમવારે પીએમ મોદી જર્મની પહોંચ્યા હતા, જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય સમુદાયના લોકોએ પૂરા ઉત્સાહ સાથે પીએમ મોદીનું સ્વાગત કર્યું. આ દરમિયાન કેટલાક લોકો ભગવા રંગના ધ્વજ સાથે નાચતા- ગાતા જોવા મળ્યા હતા. આ જ વીડિયો પીએમઓએ ટ્વિટર પર શેર કર્યો છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે- 'Brandenburg Gate પર ભારતનો ફ્લેવર, એક નજરમાં જુઓ'

હવે તમામ વિપક્ષી નેતાઓ અને અન્ય લોકો આ વીડિયો પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. શમા મોહમ્મદે પીએમઓના ટ્વીટને રિટ્વીટ કરીને પૂછ્યું- 'તે કોનો ધ્વજ છે?' તે જ સમયે નાગાલેન્ડ કોંગ્રેસના મહાસચિવ જીકે ઝિમોમીએ કહ્યું- 'ક્યાં છે તિરંગો.'

કેરળ કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલે પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે. કેરળ કોંગ્રેસે લખ્યું- 'સર ભારતના વડાપ્રધાન, તમે વિદેશમાં દેશનું પ્રતિનિધિત્વ કરો છો, તમારે આ બકવાસને જાહેર કરવા માટે દેશની માફી માંગવી જોઈએ.'

## ફોટો ગેલેરી







## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

### શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં અક્ષય તૃતીયા પર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનને કરાયો ચંદનનો કલાત્મક શણગાર.



વૈશાખ સુદ ૩ ને ગુજરાતીમાં વૈશાખ સુદ ત્રીજ, અખાત્રીજ અને અક્ષય તૃતીયા પણ કહેવાય છે. આ દિવસ હિંદુ વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ વર્ષના સાતમા મહિનાનો ત્રીજો દિવસ છે, જ્યારે શક સંવત મુજબ વર્ષના બીજા મહિનાનો ત્રીજો દિવસ છે. આ દિવસે લોકો જે કાંઈ કામ શરૂ કરશે કે શુભકાર્ય કરશે તે કોઈ દિવસ ખૂટશે નહીં કે ખરાબ નહીં થાય. તેમજ આ દિવસ શુભકાર્ય માટે ઉત્તમ ગણાય છે. આ દિવસે કોઈપણ કાર્ય માટે મુહૂર્ત જોવું નથી પડતું. આજે અક્ષય તૃતીયા છે. શાસ્ત્રો અનુસાર અક્ષય તૃતીયાએ બધા પાપોનો નાશ કરવા અને તમામ સુખ પ્રદાન કરવા માટે શુભ તિથિ છે. આ દિવસે કરવામાં આવેલ કોઈપણ શુભ કાર્ય નિશ્ચિતરૂપે સફળ થાય છે. તેથી, અક્ષય તૃતીયાને લગ્ન, ગૃહ પ્રવેશ, નવો ધંધો, ધાર્મિક વિધિ અને પૂજા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

શાસ્ત્રોમાં અક્ષય તૃતીયાને શુભ કાર્યો માટે અબુજા મુહૂર્તા તરીકે જોવામાં આવે છે. પરશુરામનો જન્મ અક્ષય તૃતીયાના દિવસે થયો હતો. માનવામાં આવે છે કે મહર્ષિ વેદ વ્યાસે અક્ષય તૃતીયાના દિવસથી જ મહાભારત લખવાનું શરૂ કર્યું હતું. આ સાથે સતયુગ, દ્વાપર અને ત્રેતાયુગની શરૂઆત અક્ષય તૃતીયા સાથે કરવામાં આવી છે. અક્ષયનો અર્થ જેનો ક્યારેય ક્ષય થતો નથી.

સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાગત અનુસાર ગ્રીષ્મ ઋતુ - વૈશાખ માસની ગરમીમાં ભગવાનને ઠંડક મળે તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજને નીલકંઠવર્ણી વેશે ચંદનના વાઘાના શણગાર સજાવવામાં આવ્યા હતા.

“શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ” અંતર્ગત મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, સદ્‌ગુરુ શ્રી મહામુનીશ્વરદાસજી સ્વામી, સદ્‌ગુરુ શ્રી મુનીભૂષણદાસજી સ્વામીએ વગેરે સંતોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વૈશાખ સુદ ત્રીજ - અખાત્રીજના પવિત્રતમ દિવસે તથા પૂજનીય સંતોએ ચંદનનાં કલાત્મક વાઘા - શણગાર ધરાવવામાં આવ્યા હતા.

વૈશાખ સુદ ત્રીજ - અક્ષય તૃતીયાના પવિત્રતમ દિને ચંદનના કલાત્મક શણગારમાં અભયદાન અર્પતા શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીની સદ્‌ગુરુ સંતોએ આરતી ઉતારી હતી. પૂજનીય સંતોએ દર્શન, સ્તુતિ - પ્રાર્થના તથા કીર્તન સ્તવન કર્યું હતું. આજના પવિત્ર દિવસે પ્રાર્થના કરીએ કે સારા વિશ્વમાં શાંતિ વર્તે. શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરથી લાઈવ દર્શન અને યુટયુબ ચેનલના માધ્યમથી દેશ-વિદેશમાં વસતા તમામ સત્સંગી હરીભકતોને દર્શન કરાવવામાં આવ્યાં હતાં.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.








**NOG SS No: 0013**

પ્રકાર : ગધ
શીર્ષક : પાવન
વિષય : અખાત્રીજ

અક્ષયતૃતીયા
( અખાત્રીજ ) નું મહત્વ શુ છે..??
આ પ્રશ્ન જ અસ્થાને છે.
અક્ષયનું અપભ્રંશ અખા
થયું છે. આજનો દિવસ
હંમેશને માટે શુભ છે. આમાં
મુહૂર્તશાસ્ત્ર જોવાની કોઈ
જરૂર નથી.અક્ષય બનેલી આ તિથિ અખાત્રીજને
દિવસે કોઈ પણ શુભ કાર્ય
કરી શકાય છે અને તે ચોક્કસ પાર પડે છે.
વણમાગ્યું મુહૂર્ત આજ
એનું મહત્વ છે.
વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયા તરીકે ઓળખાય છે.

અક્ષય તૃતીયા ના દિવસે ગિરિરાજજી ઉપર શ્રીજીબાવાના મંદિરમાં સેવાક્રમ શરૂ કર્યો હતો..

આજના શુભ દિવસે ભગવાન શ્રી કૃષ્ણે એક મુઠ્ઠી તાંદુલના બદલામાં સુદામાને અખૂટ વૈભવ બક્ષેલો..

આજના દિવસે કરેલ કોઈ પણ કાર્ય અક્ષય રહે છે, તેથી આજે હોમ, હવન, જપ, તપ, દાન, પિતૃ તર્પણ બધું જ શ્રધ્ધાથી કરવામાં આવે છે.

આજના દિવસે શ્રી વેદ વ્યાસજીએ ગણેશજી ની સહાય થી મહાભારત લખવાનું આરંભ કરેલ..

આજના દિવસે ગંગાજી ની ભૂતલ ઉપર પધરામણી થઈ હતી.

આજના દિવસે ત્રેતાયુગ નો આરંભ થયો હતો.

આજના દિવસે સૂર્ય દેવે ‘‘અક્ષય પાત્ર‘‘ પાંડવોને વનવાસ દરમ્યાન આપેલ, જે અખૂટ ભોજન થી ભરપુર રહેતું..

આજના દિવસે માં લક્ષ્મીજી એ કુબેરજીને (સ્વર્ગના ખજાનચી) અખૂટ સંપતિ બક્ષેલ..

આજના દિવસે ભગવાન પરશુરામનો જન્મ ભૃગુ ઋષિના કુળમાં થયો હોઈ તેઓ ‘‘ભાર્ગવ’’ અને જમદગ્નિ ઋષિને ત્યાં થયો હોઈ તેઓ ‘‘જામદગ્નૈ’’ તરીકે ઓળખવામાં આવે છે. અક્ષયતૃતીયાનાં દિવસે એકજ વાર વૃંદાવન માં શ્રી બાંકેબિહારીજીના શ્રી ચરણો ના દર્શન થાય છે..

અક્ષય તૃતીયાનો ઉલ્લેખ અને મહિમા વિષ્ણુપુરાણ, નારદ પુરાણ, ભવિષ્ય પુરાણ, તૈત્તરીય ઉપનિષદ, માં આપેલ છે.

આજના દિવસે લક્ષ્મીજી માતા યશોદાનાં કોઠારમાં કાયમ માટે વસવાટ કરી બિરાજી રહ્યા હતા.

અક્ષયતૃતીયાનાં દિવસે શ્રી કૃષ્ણે દ્રૌપદી ના ચીર પૂરી ને રક્ષા કરી હતી .

આજના દિવસે મહાભારત ના યુદ્દ્ધ ની સમાપ્તિ થયેલ..

અક્ષયતૃતીયાનાં આ પાવન દિવસથી જ ઉત્તર ભારત સ્થિત બદરીનાથ કેદારનાથનાં મંદિરો અને હિમાલયમાં રહેલાં અન્ય મંદિરોનાં કપાટ ખૂલે છે.

અક્ષયતૃતીયાનાં દિવસે જ હયગ્રીવ અવતાર, નરનારાયણ પ્રગટીકરણ, તેમજ માં અન્નપુર્ણ નો જન્મ થયેલ..

બ્રહ્માજી ના પુત્ર અક્ષય કુમાર નું આજે પ્રાકટ્ય થયેલ..

અક્ષયતૃતીયાનાં દિવસે જગન્નાથ પૂરી માં ભગવાન ના રથ નું નિર્માણ કાર્ય આજથી શરુ થાય છે..

અક્ષય તૃતીયા માંગલિક કાર્યો માટે શુભ અને અક્ષય મૂહુર્ત માનવામાં આવે છે. આ ઈશ્વરીય તિથિ પણ કહેવામાં આવે છે. વાસ્તવામાં, ’અક્ષય’ શબ્દનો અર્થ છે - જેનો ક્ષય કે નાશ ન થાય.
મહાપુરુષોની બીજ
બુદ્ધિની ત્રીજ
એટલે અખાત્રીજ.

ઘનશ્યામ વ્યાસ.

---

**NOG SS No/022**

વિષયઃ અખાત્રીજ
પ્રકારઃ ગધ
શીર્ષકઃહળોતરા

"ભઈ, આ સાલ હળોતરાનું મુરત તારી રાશીથી આયુ સ, તુ ઘેર આવજે?" અમથાલાલે અમદાવાદમાં નોકરી કરતા નાના ભાઈ જગતને ફોનમાં પૂછ્યું.

"મોટાભાઈ, આ વખતે તો રજાઓ મળ ઈમ લાગતું નહિ. આ વખતે કોઈ બીજા પાસે કરાવી લેજો ને?" જગતે આવવામાં આનાકાની કરતાં કહ્યું.

અમથાલાલ સારી રીતે જાણતા હતા કે મૂળ કારણ શું છે. પાછલું વર્ષ કોરુંધાકોર ગયું હતું અને તેને ઘઉં મોકલાવી શક્યો નહોતો એટલે તે નારાજ હતો. ઉપરથી તેમની પત્ની અને જગતની પત્ની વચ્ચે? જમીન મુદ્દે બોલાચાલી પણ થઈ હતી. અમથાલાલે બનેને સમજાવવાની કોશિશ કરી હતી, પણ તે નાકામ રહ્યા હતા. બંને સ્ત્રીઓમાંથી કોઈ ન નમ્યું અને અબોલા થઈ ગયા.

જો કે આમાં ભોગવવાનો વારો અમથાલાલને આવ્યો. તે ન તો પોતાના નાનાભાઈને દુભવવા માગતા હતા, ન તો પત્નીને. અમથાલાલ અસમંજસમાં પડી ગયા. જો કે અખાત્રીજને હજી દસ દિવસની વાર હતી. અમથાલાલે જમાનો જોયો હતો, ભાઈના નામે મુરત નીકળ્યું તેને મોકો ગણી લીધો અને સાંજે ઘરે ઉતરેલા ચહેરે પ્રવેશ્યા. તેમનાં પત્ની પ્રેમિલાબેને તેમનો ચહેરો જોઈને પૂછ્યું, "શું થ્યુ સ?"

"હળોતરાનું મુરત જગતીયાના નોમનું આયુ સ અન ઈન રજા મળ ઈમ નહિ."

"લે એવડી વાતમોં મુંઝઈ જ્યા. લાવો તમારો ફોન, ઈન ફોન કરીએ. અમે દેરોણી-જેઠોણી ભલે બાઝીએ, પણ શીયે તો એક જ ઘરની વઉઓ."

થોડી જ વારમાં પ્રેમિલાબેન તેમની દેરાણી મીના સાથે વાત કરવા લાગ્યાં અને અખાત્રીજે ગામડે આવવા કહ્યું. સામેથી ફોન આવ્યો એટલે મીના પણ તરત ગામડે આવવા રાજી થઈ ગઈ. અમથાલાલ રાજી થઈ ગયા, તેમને આમ પણ પરિવારમાં વિખવાદ થાય તે પસંદ નહોતું અને હળોતરાના નામે તેમને સારો મોકો મળ્યો હતો.

અખાત્રીજને દિવસે બંને ભાઈઓ કમર પર બાંધેલી ફાંટમાં (એક સફેદ કપડું જેમાં ખેડૂતો વાવવા માટે બિયારણ રાખતા હોય છે.) સાત ધાન રાખીને હળ લઈને ખેતર જવા નીકળ્યા. બંનેના ચહેરા ખીલેલા હતા અને પાછળ દેરાણી જેઠાણી વાતોનાં વડાં તળી રહી હતી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

**N.O.G.SS .NO.0026.**

નામ-અંજના ગાંધી " મૌનુ"
ગામ- વડોદરા.
વિષય -અક્ષય તૃતીયા -
વિભાગ - પદ્ય (એક રચના.)
શીર્ષક- વરસી તપ.

આજ વરસી તપના થાતાં પારણાં.
દેવ ઋષભનાથના સંભારણાં.
એક વરસની એ તપસ્યાઓ ફળી,
શ્રેયાંશરાજાની પુન્યાઈના સૌ ધારણાં.
ભવ ચોર્યાશીનાં અહીં ફેરા ટળે,
હોય પશુ ગતિનાય સૌએ તારણાં.
આવતી લક્ષ્મી પછી એ દ્વાર પર,
હોય ધર્મી એ જે ઘરનાં આંગણાં.

અંજના ગાંધી " મૌનુ", વડોદરા

**NOG SS No-109**

વિષય :-અખાત્રી
પ્રકારઃ- પદ્ય
શિર્ષકઃ-મૂરત કરવી જુજે.

વરહ હારું આવહે ભાઈ ..સામે રસ્તે ચાલતા કાળુએ કહ્યુ.
"કેમ આવું લાગે તને..હળલાકડું ઠીક કરતા ભીમસીંગને પૂછયું.
હોળીનો ડાંડો હુરીનો પડયો સે,ઈતરે વરહ હારું મેઘા બારેખાંગા વરહ હે ,જોજે ઈ બદે પાણી રેલમછેલમ થાઈ જાહે.
"ઈમ ?
"હા હાસુ સે.આજ તે પીલા ધારુંને તા છુરો પૈણેની તું હળલાકડું તીયાર કરે નવાઈ લાગે.
"આજ અખાત્રી સે,ઈતરે ખેતરુંનું કૈક તે કામ કરવું પડે,ની તે આખુ વરહ ઈમ કોરું કટ જાય એવું બાપદાદા કીતા તા.કાળુએ ભીમસીંગને જ્વાબ આપ્યો.
"વાત તારી હાસી પુણ ઈ બદા જમાના જાતા રીયા,પેલા નવરા આદમી ઈતા ઈતરે અખાત્રીને દન ખેતરમા છીલ્લા બળદની હળ પુણ ફીરવી લાવતા.આજ ઈ વસ્તાર વધી જો ઈતરે માણહને સમય કા મળે સે..ભીમસીંગે જ્વાબ આપતા કહ્યુ.
"તારી વાત યે ઈતરી જ હાસી સે,પુણ હું હજી બાપદાદાની કીતરીક વિધી કરું સે ,ઈતરે કરવી પડે..કાળુંએ સમજાવતા કહ્યુ.
"ભારી લગ્ન આલ ઈતરે હું કરે,તું કરે ઈ ઘણું તાજું સે ,નીતે માણહ દીવાતળે દબાઈ જો આજ તે ખર્સા કરી કરી ,ઈ બદુ ભૂલતો જો ટેન્શનમાં.
"ઈતરે તે ,આપુ દુખી સે ,બાપદાદા જી કઈ કરતા તે બધી પૂજાવિધી આપડે કરવી જુજે.કીમકે તેઓ દેવોને રાજી કરવા કઈને કઈ કરતા હતા,તી બદુ આપુ કા કરજે સે,ઈતરે દેવો ભૂરાઈ થાય એમા શક કરવા જીવું કાસે..કાળુએ સમજાવ્યુ.
"ઈ વાત તારી હાસી,ખેડાની માતાની યે પૂજા કરાતી પેલા,આજ ઈ યે ભૂલાતુ જુસે ની માણહો કરતા યે નીમળે..ભીમસીંગે ટેકો આપતા કહ્યુ.
"ઝી વે તી પુણ ભીમસીંગ ,અખાત્રીની પુજા થાવી જ જોઈએ,અહી કા સોઘડીયા જુવા પડે,અખાત્રીનો દન ઈતરે આખો હારો.
"કાળુ વાત હાસી સે પુણ આપુ કીજે ઈમ હમજનારા કીતરા,આજના સુરા ઈ વાત માનતા ની મળે.
"ભીંમસીંગ અખાત્રીનો દન વે ઈતરે હળલાકડું કે ખેતરું હંબાળવા પડે,અહીં સાફસફાઈ કરવી પડે ,ખેતરુંને લગતુ કુઈ એકાદ કામ કરી લેવું વરહ હારું જાય.
"તારી વાત લાખ દરજ્જે હાસી,હાઉ તે માણહો વરહાત પડી જાય પછી બદુ સાફસૂફ કરે ,અન વઘ્યુઘટયું આોરણી સાલતી વે તર કરતા રે.
આમ બે જણ વચ્ચે વાતો ચાલતી રહી,રસ્તા વચ્ચે ઉભા ઉભા ,એટલામાં ઘરમાંથી કાળુના ઘેરથી કાળી બહાર આવતી બોલી"ભીમસીંગ ભાઈ અખાત્રીના દન ખેતરુંમાં એકાદ બી નાખવું પડે,ઈતરે આપડું વરહ હારું ની,મૂરત યે હારું થાય પછી ગમે ઈતરું નાખજે પુણ મૂરત આજ કરી દીવી જુજે.

બાબુ સંગાડા"મહેક"

---

**N.O.G. S.S. No : 0102.**

નામ :- રતીલાલ વાયડા
વિષય :- અક્ષય તૃતીયા.
પ્રકારઃ- મૌલિક લેખ.
શીર્ષકઃ-. અક્ષય તૃતીયા અને તેનું મહત્વ.
રચનાઃ-.

. આજે વૈશાખ સુદ ત્રીજતારીખ૩/૫/૨૦૨૨ મંગળવારના દિવસે અક્ષય તૃતીયાનો દિવસ છે તેને આપણે અખાત્રીજના નામે પણ ઓળખીએ છીએ.

આપણા શાસ્ત્રોમાં આ દિવસનું અનેરું મહત્વ છે. આ દિવસને વણજોઈતા મુરત તરીકે ઓળખવામાં આવે છે. દાન-પુણ્ય શ્રાદ્ધ તર્પણ કરવામાં આવે તે અક્ષય રહે છે તેવું માનવામાં આવે છે, અને તેનું અનેક ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.

અક્ષય તૃતીયાના દિવસે ઘણા બધા બનાવો બનેલા છે .જેનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તે આ પ્રમાણે છે.

૧. ત્રેતાયુગનો પ્રારંભ થયો હતો.
૨.ગંગા નદીનું આ દિવસે પૃથ્વી પર અવતરણ થયું હતું અને તેનો પ્રવાહ ભગવાન શંકરે પોતાની જટામાં ઝીલેલો.
૩. લક્ષ્મીજીએ કુબેરને સ્વર્ગના અક્ષય ભંડાર ના ખજાનચી તરીકે નીમ્યા હતા.
૪. સૂર્યદેવે પાંડવોને અક્ષય પાત્રનું દાન કરી અને તેમાંથી કદી પણ અનાજ ન ખૂટે તેવું વરદાન આપ્યું હતું.
૫.ભગવાન વેદ વ્યાસે શ્રી ગણેશની સ્થાપના કરી અને શાસ્ત્રોનું લખવાનું કામ શરૂ કર્યું હતું.
૬. શ્રી કૃષ્ણ ભગવાનને સુદામાના તાંદુલ ખાઈ અને ઘરે સોનાના મહેલ કરેલા હતા .શ્રીકૃષ્ણના ખેતરમાં કણ વાવો અને ઘણું પ્રાપ્ત કરો તેવી લોકોની શ્રદ્ધા છે. જે આજે પણ સત્ય છે.
૭. આ દિવસે ભગવાન પરશુરામનો જન્મ થયો હતો.
૮. ભગવાન શ્રી કૃષ્ણએ કૌરવોની સભામાં દ્રૌપદીના ૯૯૯ ચીર પૂરી અને તેની લાજ રાખી હતી.
૧૦. મહાભારતના યુદ્ધની સમાપ્તિ થઈ હતી.
૧૧. બદ્રીનાથમાં ભગવાન શ્રી બદ્રી વિશાલ ના દ્વાર દર્શન માટે આજથી ખુલ્લા થાય છે.
૧૨. અન્નપૂર્ણા માતા નો આજે જન્મદિવસ છે.
૧૩. જગન્નાથપુરીમાં રથયાત્રા માટે રથની રચનાનું કાર્ય આજથી શરૂ કરવામાં આવે છે.
૧૪.અક્ષય તૃતીયા નો લગભગ તમામ શાસ્ત્રોમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે અને આજે પ્રારંભ કરવામાં આવેલા તમામ કાર્યો ના શુભ પરિણામો આવે છે તેવો ઉલ્લેખ છે.
૧૫. દ્વારકામાં ભગવાન શ્રી દ્વારકાનાથને આજે ચંદનના વાઘા પહેરાવવામાં આવે છે અને ત્યાર પછી દરરોજ ફુલ મંડલી ચાલુ કરવામાં આવે છે. ભગવાનને ફૂલોથી વિવિધ રીતે શણગારવામાં આવે છે અને શીતલ ભોગ ધરાવવામાં આવે છે.

આમ અખાત્રીજનું ખુબ જ મહત્વ છે.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

---

**N.O.G.SS .NO.0032**

નામઃ- મીના માંગરોલીયા
ગામ- અમદાવાદ
વિષય -અખાત્રીજ
વિભાગ - પદ્ય
શબ્દો- ૧૪૨
શીર્ષક- વણજોઈતું મૂહૂર્ત

વણજોઈતુ મૂહૂર્ત આવ્યું આંગણે,
રૂડાં ઢોલ નગારા વાગે ઘરને આંગણે.
વધાવો ફૂલડે અખાત્રીજને ઘર આંગણે.
કુમકુમ સાથિયા પુરાવો ઘરને આંગણે,
આસોપાલવના તોરણ બંધાવો બારણે.
વધાવો ફૂલડે અખાત્રીજને ઘર આંગણે.
શ્રી કૃષ્ણે ખુશ થઈને સુદામાને દીધો અખૂટ વૈભવ
,મુઠ્ઠી તાંદુલના બદલામાં ઘરઆંગણે.
વધાવો ફૂલથી અખાત્રીજને ઘરઆંગણે.
વેદ વ્યાસજીએ ગણેશજીની સહાયથી મહાભારત
લખવાના શ્રીગણેશ કર્યા.
વધાવો ફૂલથી અખાત્રીજને ઘર આંગણે.
શિવશંકરની જટામાંથી ગંગાજી ધરતી પર
પધાર્યા અખાત્રીજને દિવસે ઘરઆંગણે ,
વધાવો ફૂલડે અખાત્રીજને ઘરઆંગણે.
ત્રેતાયુગનો આજથી થયો પ્રારંભ આંગણે,
આપ્યુ અક્ષયપાત્ર પાંડવોને,સૂર્યદેવે ઘરઆંગણે.
વધાવો ફૂલડે અખાત્રીજને ઘરઆંગણે.
શ્રી લક્ષ્મીજી એ કુબેરજીને અખંડ ધનસંપતિ
આપી, અખાત્રીજનાં દિવસે ઘરઆંગણે,
વધાવો ફૂલડે અખાત્રીજને ઘરઆંગણે.
પરશુરામનો જન્મ થયો અખાત્રીજના દિવસે,
આજ પરશુરામજયંતિથી ઓળખાય આંગણે.
વધાવો ફૂલથી અખાત્રીજને ઘરઆંગણે.
શ્રી કૃષ્ણે ચીર પૂરી દ્રોપદીની કરી રક્ષા
ઘરઆંગણે,અખાત્રીજનાં દિવસે ઘરઆંગણે.
વધાવો ફૂલથી અખાત્રીજને ઘરઆંગણે.
શુભકાર્ય આજ દિન ઠેર ઠેર થાય ઘરઆંગણે,
મંગલ ગીતડાં ગવાય આજદિન આંગણે,
વધાવો ફૂલડે અખાત્રીજને ઘરઆંગણે.

મીના માંગરોલીયા મીનુ ,અમદાવાદ

## શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓની સલામતી માટે તાલીમ કાર્યક્રમો યોજાશે

ગુજરાત રાજયના ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓની સલામતી માટે વિવિધ તાલીમ કાર્યક્રમો યોજવાનું નક્કી કર્યું છે. આ જનજાગૃતિના અભિયાન માટે વિવિધ સંસ્થાઓએ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગમાં પોતાનું આવેદન મોકલવાનું રહેશે. ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજયની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૨- ૨૩માં સરકાર તરફથી શ્રમ અને રોજગાર વિભાગના ઔદ્યોગિક ક્ષેત્રમાં સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર માટે પ્રચાર પ્રસાર અને સલામતી અંગેની જાગૃતિ લાવવા અંગેના તાલીમ કાર્યક્રમો અને હોડીંગ દ્વારા એટલે કે કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ અને જાહેર જનતાની જનજાગૃતિ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ આ બાબતની કામગીરીનો અનુભવ ધરાવતી હોય તેઓએ પોતાના લેટર પેડ પર, સંસ્થાના નોંધણીના પ્રમાણપત્રની નકલસહ, તેઓએ ઔધોગિક ક્ષેત્રમાં સલામતી અને સ્વાસ્થ્ય અંગેકરેલ કાર્યવાહી એક દિવસ તથા બે દિવસના તાલીમ કાર્યક્રમોની રૂપરેખા, પોતાની પાસે હયાત ક્વોલીફાઈડ સ્ટાફ તથા હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરની માહિતી તથા ખર્ચની વિગતોની સહીતની દરખાસ્ત ડાયરેક્ટર શ્રી, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજય, અમદાવાદ ૩જો માળ, શ્રમભવન, રુસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદને તા.૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં પહોચતી કરવાની રહેશે.



બ્રહ્મકર્મે ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર ના ઉપક્રમે અખાત્રીજ ના શુભ દિવસે વાવોલ ગામમાં બ્રહ્મ એકેડેમી નુ ઉધાન કરવામાં આવેલ આ પ્રસંગે પધારેલ નિતિનભાઈ ત્રિવેદી નુ સાલ ઓઢાડી સન્માન સમાજ નવ યુવાન ઉત્સાહી અને સમાજ ના શુભ ચિનતક ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશભાઈ મહેતા એ સાવ ઓઢાડી સન્માન કરવામાં આવેલ તેમજ ટ્રસ્ટી નિલકંઠભાઈ વ્યાસ અને નૈનેશભાઉ ભટ્ટ એ બુકે આપને સન્માન કરવામાં આવેલ હતું આ એકેડેમી ચાલુ કરવાનો હેતુ ભુદેવો ના બાળકો ને ધોરણ ૧ થી ૯ ના ટ્યુશન તથા કોમ્પ્યુટર શિક્ષણ અને સ્પીકિગ ઈંગ્લીશ ના ક્લાસ મફત આપવામાં આવસે આ પ્રસંગે ગાંધીનગર ના મેયરશ્રી ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધારાસભ્યશ્રી શહેર ભાજપ પ્રમુખ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ના પ્રમુખશ્રી જીલ્લા પ્રમુખ નગરના બ્રહ્મ સમાજના અગ્રણીઓ આમંત્રિતો મિત્રો ની હાજરી માં કરવામાં આવેલ

### દરેકનું ઘરના ઘર નું સ્વપ્ન સાકાર કરવા ગુજરાત સરકાર કટીબદ્ધ : મુખ્યમંત્રી શ્રી

# અમદાવાદ મહાનગરને રૂ.૧૪૩ કરોડના વિકાસ કામોની અક્ષય તૃતીયા - પરશુરામ જયંતિએ ભેટ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના નગરજનોને રૂ. ૧૪૩ કરોડના વિવિધ વિકાસકામોની પરશુરામ જયંતિએ ભેટ આપતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, નગરો - મહાનગરોનો આધુનિક વિકાસ કેવો હોય તે સૌને ગુજરાતના નગરોએ બતાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, અગાઉ નગરો - મહાનગરો શહેર સુધરાઈ તરીકે ઓળખાતા હતા. શહેરી સુવિધા એટલે નળ, ગટર અને રસ્તા એવી જ વ્યાખ્યા હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવી શહેર સુધરાઈને નગર સેવા સદન તરીકે નગર સુખાકારી અને જનહિત કાર્યોની અનેક સેવા પ્રવૃત્તિથી ધમધમતા કેન્દ્રો બનાવ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી પેવર બ્લોક, રસ્તા સહિતના કામો પણ હવે થાય છે.

તેમણે કહ્યું કે, નગર સુખાકારીના કામો હાથ ધરવા સાથે શહેરી સુવિધાના કામોમાં નાણાંની કોઈ સમસ્યા ન રહે તેવું સુદ્રઢ આયોજન વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી આપણે કર્યું છે.

તેમણે પોતાના ઘાટલોડિયા વિધાનસભા મત વિસ્તાર સહિત ગૃહમંત્રીશ્રી અમિત ભાઈ શાહના આ લોકસભા મત વિસ્તારમાં થયેલા અને હાલ ચાલી રહેલા વિવિધ વિકાસ કામોની વિસ્તૃત વિગતો પણ આ તકે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના લોકોનો વિચાર કરી 'દરેકને માથે છત' હોય તે સંકલ્પ સેવ્યો છે.

વડાપ્રધાનશ્રી ના માર્ગદર્શન અને પ્રેરણાથી આજે ગુજરાતમાં સરકારે ૫,૮૮,૦૦૦ આવાસો પૂર્ણ કર્યા છે અને હજુ વધુ મકાનો ના કામ ચાલુ જ રાખ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ના હસ્તે બે બાળકોને સુપોષિત કીટ વિતરણ કરવામાં આવી હતી તથા બે બહેનોને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા સહાય પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજયકક્ષાના કુટિર અને ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ચાલી રહેલી વિકાસની વણથંભી યાત્રાને ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, વિકાસની રાજનીતિની પરંપરાને આગળ વધારી મુખ્યમંત્રીશ્રી ના હસ્તે વિવિધ વિકાસ કામોના લોકાર્પણ થઈ રહ્યા છે એ આપણા માટે ગૌરવની વાત છે.

મુખ્યમંત્રીશ્રીની નેમ છે કે 'ગુજરાતનો એક પણ નાગરીક છાપરાવાળા મકાનમાં ના રહેવો જોઈએ.. ' તેવા સંકલ્પ સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિકાસ ગાથાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ કદમ થી કદમ મિલાવી આગળ વધારી રહી છે. કોરોના પછીના સમયમાં ૩૦૦૦ કરોડથી વધારેના કામો એક વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થયા એ આપણા માટે ગૌરવની વાત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે અમદાવાદ ને જે ભેટ મળી છે તેમાં ચાંદખેડા વોર્ડ અંદાજિત રૂ.૨.૪૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ સબ ઝોનલ ઓફિસનું લોકાર્પણ, થલતેજ વોર્ડમાં સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઈલોરા એપાર્ટમેન્ટ અને અજન્ટા એપાર્ટમેન્ટમાં આર.સી.સી.રોડ તથા પેવર પેવર બ્લોકના ખાતમુહર્તનો સમાવેશ થાય છે. સાથે સાથે બોપલ ખાતે અંદાજિત રૂપિયા રૂ. ૮.૮૩ કરોડના ખર્ચે ૭૦ આવાસોના ડ્રો અને ઝુંડાલ ખાતે અંદાજિત રૂ. ૧૨૮.૦૨ થી વધુ કરોડના ખર્ચે ૧૧૨૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો.

આ લોકાર્પણ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ તથા કોર્પોરેશનના વિવિધ પદાધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખારીઘારીયાલ પ્રા.શાળામાં શાળાના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકા ના ખારીઘારીયાલ પ્રાથમિક શાળામાં શાળા ના જન્મ દિવસ ની ધામધુમથી ઉજવણી મુખ્ય મહેમાન મામલતદારશ્રી ચાણસ્મા જે.એન. દરબારની ઉપસ્થિતમાં કરવામાં આવી.આ કાર્યક્રમમાં સંદીપભાઈ પટેલ સી.આર.સી.કો- ઓર્ડીનેટર ચાણસ્મા, ખારીઘારીયાલ ગામના સરપંચશ્રી ભરતભાઈ ગોવાભાઈ પરમાર, એસ.એમ.સી. ના અધ્યક્ષ પ્રજાપતિ ગીરીશભાઈ પ્રભુલાલ, પત્રકાર અમૃતલાલ પટેલ , ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ, શાળા એસ.એમ.સી.ના સભ્યો, આમંત્રિત મહેમાનો,ગ્રામજનોએ શાળાના સમારંભમાં હાજરી આપી શાળાના કાર્યક્રમને દીપાવ્યો.

કાર્યક્રમ ની શરૂઆત મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કર્યા બાદ કરવામાં આવી. કાર્યક્રમમાં બાળકો દ્વારા પ્રાર્થના તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહેમાનોને શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું.તા. ૨/૫/૧૯૫૧ ના રોજ શ્રી ખારીઘારીયાલ પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી તે વર્ષે પ્રથમ પ્રવેશ મેળવનાર વ્યક્તિઓ નું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત ગામમાં રહેતા નિવૃત તમામ વિભાગના સરકારી કર્મચારીઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. સરકારી કર્મચારી તરીકે સેવા આપતા ચાલુ નોકરી ધરાવતા કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું.ગામમાં રહેતા કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું .દાતાશ્રી પટેલ નરેશકુમાર અમૃતલાલ તરફથી શાળા ને કોમ્પ્યુટર ભેટ આપવામાં આવ્યું. તેમજ પટેલ ત્રીકમભાઇ મંગળદાસ તરફથી શાળાને કોમ્પ્યુટર આપવાની જાહેરાત કરવામાં આવી. શાળાના વિધાર્થીઓને પ્રોત્સાહન માટે બોલપેન વિતરણ કરવામાં આવી.તેમજ ગ્રામજનો તરફથી શાળા ને રૂપિયા ૧૫૦૦૦ (પંદર હજાર) નું રોકડ દાન મળ્યું. આજના તિથિ ભોજન ના દાતાશ્રી રબારી મહેશભાઇ કાનજીભાઈ, મંડપના દાતાશ્રી પ્રજાપતિ ગૌતમભાઈ તથા તેમની ટીમ દ્વારા સેવા આપવામાં આવી. મિનરલ પાણીના દાતા પ્રજાપતિ ગીરીશભાઈ પ્રભુલાલ રહ્યા હતા.

મામલતદારશ્રી જે. એન.દરબાર દ્વારા શાબ્દિક પ્રવચન આપવામાં આવ્યું જેમાં બાળકોને તેમજ ગામલોકોને સરળ ભાષામાં શિક્ષક સાથે મૂલ્ય શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું. સરસ વાર્તા અને ભજન દ્વારા સાહેબશ્રી એ સરળ શૈલીમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ દ્વારા બાળકોને નૈતિક મૂલ્ય શિક્ષણ ના પાઠ સમજાવવામાં આવ્યા. તેમજ તમામ ગ્રામજનો આભાર માન્યો.શાળા પરિવાર દ્વારા દરેકનો આભાર માનવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી પ્રજાપતિ દશરથભાઈ દ્વારા કરવામાં આવ્યું. ખારીઘારીયાલ શાળાના તમામ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો. શાળાના આચાર્ય દ્વારા દરેકનો આભાર માનવામાં આવ્યો

## સુધારાત્મક વહીવટી કચેરી (સબજેલ) ખાતે ચામડીના રોગ નિદાન કેમ્પ યોજાયો




રોટરી ક્લબ અને ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ ધીરજ પટેલની અધ્યક્ષતામાં વ્યક્તિ સુધારણા વહીવટી કચેરી (સબજેલ) ખાતે ચામડીના રોગોનું નિદાન કેમ્પ યોજાયો આ કેમ્પમાં રોટરી ક્લબના પ્રમુખ પ્રશાંત વ્યાસ, ભારત સ્કાઉટ ગાઈડ સંઘ કમિશનર અતુલભાઇ દીક્ષિત, રોટરી પૂર્વ પ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ,ગાઈડ લીડર સોનલબેન ડામોર, રોટ.સેક્રેટરી જીગરભાઈ ના મહેમાન પદે કાર્યક્રમ સંપન્ન થયો હતો. સ્કીન સ્પેશિયાલિસ્ટ ડોક્ટર કૌતુક ભાઈ અને ડોક્ટર પ્રિયાબેન અગ્રવાલ દ્વારા ૬૦ જેટલા વ્યક્તિ સુધારણા કચેરીના ભાઈઓ (બંદી)ને ચામડીના રોગોની તપાસ કરી નિ:શુલ્ક દવાઓ આપી હતી. આ કેમ્પનો સંપૂર્ણ સંચાલન રોટરી પ્રોજેક્ટ ચેરમેન શ્રી મધુકર ખમારે કર્યું હતું તેમજ જિલ્લા જેલના અધિક્ષકશ્રી એમ જી દેસાઈ જેલના કર્મચારીગણ અને સુધારણા કેન્દ્રના (બંદી) ભાઈઓ એ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ માટે જિલ્લા અધિક્ષકે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને રોટરી ક્લબ નો આભાર માની ગુજરાત ગૌરવ દિન ની ઉજવણી કરી હતી .

## ભગવાન પરશુરામજીની શોભાયાત્રાનું કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ - અમદાવાદ શહેર આયોજિત અક્ષય તૃતિયા, સનાતન હિન્દુ ધર્મના શ્રી વિષ્ણુના અવતારી ચિરંજીવ દેવની જન્મ જયંતિ પર્વ ભગવાન શ્રી પરશુરામ દાદાની ભવ્યાતી ભવ્ય શોભાયાત્રાનું રાયપુર દરવાજા ખાતે શ્રી પરશુરામ ફાઉન્ડેશન - શ્રી જગત શુક્લ દ્વારા આયોજિત સ્વાગત કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, ધારાસભ્ય શ્રી શૈલેષ પરમાર અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી નીરવ બક્ષી, બ્રહ્મ અગ્રણી શ્રી અનિલ શુક્લ, શ્રી શૈલેષ શુક્લ, શ્રી સતીષ પંડ્યા, યુવા અગ્રણી શ્રી સૌમિલ રાવલ, નિલેશ જોશી, ઉમેશ જોશી, રોનક રાવલ, અભિષેક શુક્લ, ભુમન ભટ્ટ, ભાવિન ભટ્ટ, દેવર્ષિ શાહ, ડોલીબેન દવે, ભાવેશ કંસારા, અનિરુદ્ધસિંહ ઝાલા, જેકીન ક્રિશ્ચન, નોએલ ક્રિશ્ચન, દિપક પરમાર સહિત ઋષિ પરિવારો અને મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી ભગવાન પરશુરામના દર્શન કર્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ ૨૦૨૨

### ગુજરાતમાં ટુરિઝમનો ગ્રોથ બે દાયકા પહેલાં ૧.૨૫ ટકા હતો આજે આ ગ્રોથ વધીને ૧૮ ટકા પહોંચી ગયો છે - મુખ્યમંત્રીશ્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ



અમદાવાદ સાયન્સ સિટી ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ ૨૦૨૨ આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે એવોર્ડ વિજેતાઓને સૌને અભિનંદન પાઠવતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું, કોરોનાકાળમાં ટુરિઝમ સેક્ટરને ખૂબ મોટો ફટકો પડ્યો હતો પણ હવે આ સેક્ટરને સુખ જોવાનો સમય આવ્યો છે એટલે જ આ દુઃખ પછીનું સુખનો આનંદ છે.તેમણે ઉમેર્યુ હતું કે ગુજરાતમાં ટુરિઝમનો ગ્રોથ બે દાયકા પહેલાં ૧.૨૫ ટકા હતો. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત માર્ગદર્શન અને પ્રયાસથી આજે આ ગ્રોથ ૧૮% પહોંચી ગયો છે. આમ આજે ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસ કર્યો તેમાં એક મહત્વનું ક્ષેત્ર પ્રવાસન ક્ષેત્ર પણ સતત પ્રગતિ કરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે વર્લ્ડમાંથી લોકો સીધા ગુજરાત પ્રવાસ પર આવતા થયા છે અને એ માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી થયું છે.

આ અવસરે મુખ્યમંત્રીએ કહ્યું કે, નરેન્દ્રભાઈએ વિકાસની રાજનીતિ શરૂ કરી ત્યારથી ગુજરાતને સમગ્ર દેશનું ગ્રોથએન્જીન બનાવ્યુ છે.

આજે શ્રી નરેદ્રભાઈની પ્રેરણાથી દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે સૌ શ્રી નરેન્દ્રભાઈમોદીના સપનાંને સાકાર કરવાના છે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, ડી.જી.પી. શ્રી આશિષ ભાટિયા, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, ગુજરાત ટુરિઝમના સેક્રેટરી શ્રી હરિત શુક્લા, આઈ.એ.એસ. શ્રી આલોક પાંડે, બીએસએફ આઈ.જી. જી.એસ. મલિક તેમજ ટૂર ઓપરેટર્સ અને ટ્રાવેલ્સ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### પરશુરામ જયંતિના દિવસે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામની પ્રતિમાનું અનાવરણ આવ્યું







વ્યાસવાડી ચાર રસ્તા, વાડજ ખાતે શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ભગવાનશ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્મિત પંચધાતુની પરશુરામ ભગવાનની પ્રતિમાનું અનાવરણ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ વ્યાસવાડી ચાર રસ્તા,વાડજ ખાતે શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ભગવાનશ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્મિત પંચધાતુની પરશુરામ ભગવાનની પ્રતિમાનું અનાવરણ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આજના આ પ્રસંગે રાજયના મંત્રીશ્રીઓ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી રૂષિકેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કર્ણાવતી મહાનગરના મેયરશ્રી કીરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી હિતેશભાઈ બારોટ, ગાંધીનગર લોકસભાના ઈન્ચાર્જશ્રી ડો. હર્ષદભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ શાહ તથા બ્રહ્મ સમાજના અગ્રણી અને ભાજપા પ્રદેશ મીડિયા વિભાગના સંયોજકશ્રી ડો યગ્નેશભાઈ દવે, કર્ણાવતી મહાનગર ભાજપ સંગઠનના પદાધિકારીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, બ્રહ્મ સમાજના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજથી બે દિવસીય યોગ શિબીરનો ગાંધીનગર ખાતે આરંભ




ગાંધીનગરઃ મંગળવારઃ

ગુજરાત સરકારના 'યોગમય ગુજરાત' બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજથી બે દિવસીય યોગ શિબિર કાર્યક્રમનો આરંભ સેક્ટર- ૨૨, રંગમંચ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યો છે. આ શિબીર સવારના ૫.૩૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન યોજાઇ હતી.આજથી આરંભ થયેલ યોગ શિબીરને ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શીશપાલજી, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ શિબીરનું દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી હતી. આ યોગ શિબીરમાં સમગ્ર ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારના મોટી સંખ્યામાં યોગ પ્રેમી નાગરિકો જોડાયા હતા.

### મહેસાણા ત્રિદિવસીય બ્રહ્મોત્સવ.૨૦૨૨ સમિટ નું આયોજન થયેલ

## પાટણ બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓનું શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ઉત્તર ઝોન દ્વારા સન્માનિત કરાયા




પાટણ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા) ઉત્તર ઝોન નો બ્રહ્મોત્સવ ૨૦૨૨ ત્રી દિવસીય કાર્યક્રમ નું આયોજન મહેસાણા ખાતે ચાલી રહ્યો છે ત્યારે આજે બીજા દિવસે બ્રહ્મ ગૌરવ એવોર્ડ સન્માન સમારોહ ,બ્લડ ડોનેશન કેમ્પ ,સહિત વિવિધ કાર્યક્રમ યોજાયો હતો

આજે બ્રહ્મ ગૌરવ એવોર્ડ માં પાટણ જિલ્લા બ્રહ્મ સમાજ માં થી પાટણ ને એક ડોકટર એવોર્ડ મળ્યો હતો જેમાં પાટણ જિલ્લા ના પત્રકાર અલ્કેશ પંડ્યા તેમજ સિદ્ધપુર કુમાર શાળા ના શિક્ષક અને પાટણ જિલ્લા ના એક માત્ર કરાટે ઈન્સ્ટ્રકટર શીતલબેન અલ્કેશ પંડ્યા ની દીકરી ડોકટર જાનકી બેન અલ્કેશ પંડ્યા ને ડોકટર નો એવોર્ડ તેમજ સન્માન પત્ર આપી સન્માનિત કરવા માં આવેલ આજ ના આ કર્યક્રમ માં રાજ્ય સભા ના સાંસદ જુગલ લોખંડવાલા ના હસ્તે એવોર્ડ અપાયો હતો

કથાકાર ભાગવત પૂજ્ય હર્ષદ ભાઈ વ્યાસજી ને એવોર્ડ સાથે સાથે પાટણ સંગીત ક્ષેત્ર માં આગવું નામ ધરાવતા રાજ માહરાજ નું પણ સન્માન અને શિલ્ડ આપવા માં આવ્યું હતું

આ પ્રસંગે પાટણ ના બ્રહ્મ સમાજ ના વીરેશ ભાઈ વ્યાસ ,સહિત બ્રહ્મ સમાજ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પાટણ સુપ્રસિદ્ધ એંકર પાર્થ જોશી એ કર્યું હતી

ફોટો અલ્કેશ પંડ્યા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.